5.1.2 Capacity building and skills enhancement initiatives taken by the institution include the following
1. Soft skills, 2. Language and communication skills, 3. Life skills (Yoga, physical fitness, health and hygiene),
4. ICT/computing skills

| **Name of the capacity development and skills enhancement program** | **Date of implementation (DD-MM-YYYY)** | **Number of students enrolled** | **Name of the agencies/consultants involved with contact details (if any)** |
|---|---|---|---|
| Matli (pot) making workshop | 21/12/2017 | 88 | WDC,NHCC |
| The Unique Talk show on Science of sex understanding problems | 15/12/2017 | 122 | Rotary charitable trust,Valsad Nootan Kelvani mandal,Valsad |
| Teamwork exercises seminar | 19/01/2018 | 47 | CMI,Valsad |
| Leadership Development Seminar | 24/01/2018 | 52 | CMI,Valsad |
| Creativity activities and development seminar | 01-05-2018 | 154 | CMI,Valsad |
| Positive attitude development seminar | 29/12/2017 | 102 | CMI,Valsad |
| Seminar on Employment opportunity in Public sector | 19/07/2017 | 92 | District Employment office,Valsad and Banking Academy, Vapi |
| Effective Public Speaking | 29/07/2017 | 30 | JCI,Valsad |
| Elocution competition | 29/07/2017 | 13 | KCG,Gandhinagar, Gujarat |
| Seminar on career guidance | 27/08/2018 | 60 | GPSC Chairman 10 Topers of UPSC/GPSC crackersr |
| Lecture on soft skills developement | 19/08/2017 | 1100 | 10 trainers in 10 classes from JCI,Valsad |
| Elocution competition on Demonetisation | 19/08/2017 | 12 | Planning Forum,NHCC |
| Seminar on Competitive exam | 28/12/2017 | 170 | Dr.Saurabh desai charitable trust,Navsari. |
| Resume writing and job search Seminar | 30/01/2018 | 52 | CMI, Valsad |
| Chocolate making Workshop | 12-12-2017 | 300 | Woman Dev.Cell (WDC),NHCC Allumni |
| Salad making workshop | 26/12/2017 | 100 | WDC,NHCC |
| Ramp walk training programme | 26/12/2017 | 100 | WDC,NHCC |
| Hair style art training workshop | 27/12/2017 | 100 | WDC,NHCC |
| Bridal Make up training | 01-01-2018 | 100 | WDC,NHCC |
| Dish Decoration making workshop | 01-01-2018 | 100 | WDC,NHCC |

| | | | |
|---|---|---|---|
| English Improvement Seminar | 01-05-2018 | 154 | Vinayak classes,Valsad |
| Creativity activities and development | 01-05-2018 | 61 | Career management Institute (CMI),Valsad |
| Short Term Classes on mahendi,Rangoli,Poster making,candel making,varli paintings. | 12-04-2017 | 96 | Woman dev.Cell Allumni. |
| Workshop on photography | 10-04-2017 | 34 | NHCC with Professional photographer Mr.Yasin Bakili |
| A seminar on Positive Thoughts | 28/09/2019 | 53 | |
| Workshop on Poster Making | 13/07/2019 | 40 | |
| Woman self Defense seminar | 08-11-2018 | 85 | |
| Stat level Workshop on Research Methodology | 16/12/2018 | 11 | UDHANA CITIZEN COMMERCE COLLEGGE |
| **SOFT SKILLS BUILDING INITIATIVES** | | | |
| Workshop on Women Empowerment through Vocational Education (Candle Making) | 03-09-2020 | **100** | Ku. Anjali Darji |
| Computer Literacy Day | 03-11-2020 | | CA Mr. Ravi Gohel |
| Seminar on 'Resume Writing, Interview Technique and Inter | 01-10-2020 | **393** | Dr. Vishal J. Mali and Shri Divyesh J. Gandhi, faculty at |
| Cyber Security Lecture | 03-12-2020 | | Prof. R. G. Pawar<br>Prof. Chirag Rana<br>Prof. M. A. Mulla<br>Prof. K. C. Patel |
| Seminar on Model Aptitude Test | 01-09-2020 | | Karnavati University Ahmadabad |
| A seminar on Positive Thoughts | 28-09-2019 | **NCC Cadets** | |
| Workshop on Poster Making (theme) | 13-07-2019 | **40** | Ku. Anjali Darji |
| **LIFE SKILLS (YOGA, PHYSICAL FITNESS, HEALTH AND HYGIENE) INITIATIVES** | | | |
| Self Defense Training Program | 28-01-2020 | | Xtreme martial art and Self Defence Academy (Contact No. 096874 07939) |
| Fit India Movement Rally and motivational lecture | 29-08-2019 | 150 | |
| Yoga Day Celebration | 21-06-2019 | | |
| Essay Writing Competition on "Importance of Yoga for Women | 21-06-2019 | | |
| BASIC | 2020-21 | 36 | |
| TALLY PRIME | 2020-21 | 47 | |

| | | | |
|---|---|---|---|
| WEB DESINGING | 2020-21 | 14 | |
| GST | 2020-21 | 14 | |
| E-communication skill | 2020-21 | 785 | |
| Enterpreneurialism | 2020-21 | 785 | |
| Online India | 2020-21 | 700 | |
| E-Accounting | 2020-21 | 700 | |
| Online Marketing | 2020-21 | 485 | |
| Soft skill for Campus Placement | 2020-21 | 485 | |
| Basics of Investment | 2020-21 | 92 | |
| Derivatives Market Option Strategies | 2020-21 | 92 | |
| Technical Analysis | 2020-21 | 82 | |
| Fundamental Research & Portfolio Ma | 2020-21 | 82 | |
| International Yoga Day | 2021-22 | 345 | |
| Covid -19 Vaccine dose | 2021-22 | 390 | Health Department,Valsad |
| Banking Workshop | 2021-22 | 62 | Surat Peoples Bank Managing Director Mr.Jatinbhai Nayak |
| World Book Day | 2021-22 | 68 | Dr.Ashaben Gohil Arts & Commerce college, |

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ.

**" IN HOUSE BULLETIN "**

( વલસાડ કોમર્સ કોલેજની ગતિવિધિને આવરી લેતું ત્રિમાસિક )

**'' આકાંક્ષા ''**

## વલસાડની કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ "જાહેરક્ષેત્રે રોજગારીની તકો" માર્ગદર્શન સેમીનાર

અત્રેની શાહ એન.એચ.કોમર્સ કોલેજ,વલસાડ ખાતે જિલ્લા રોજગાર અધિકારીશ્રીની કચેરી વલસાડ તથા બેંકિંગ એકેડેમી વાપીના સયુંક્ત ઉપક્રમે તા. ૧૯/૦૭/૨૦૧૭ના રોજ "જાહેરક્ષેત્રે રોજગારીની તકો" વિષય પર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજ ખાતે અભ્યાસ કરતા એમ.કોમ.ના વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ખૂબ જ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમીનારમાં વિદ્યાર્થીઓને સરકારશ્રીમાં વિવિધ ખાલી પોસ્ટ પર

Page 11

નોકરી મેળવવા આપવી પડતી પરીક્ષાઓ જેવી કે પી.એસ.આઈ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સેકસન ઓફિસર, નાયબ મામલતદાર, ડેપ્યુટી સેકસન ઓફિસર, નાયબ ચીટનીસ, બેંક કલાર્ક, બેંક પ્રોબેટરી ઓફિસર, ગ્રામીણ બેંક આસીસ્ટન્ટન્ટ, ઈન્સ્યુરન્સ આસીસ્ટન્ટસ, યુ.પી.એસ.સી, જી.પી.એસ.સી, આયોજીત ભરતી પરીક્ષાઓ, પંચાયત સેવા ભરતી પરીક્ષા વગેરે અંગે જાહેરાત પ્રસિધ્ધ થવાનો સમય, સિલેબસ, રેફરન્સ પુસ્તકો, કોચીંગ ઈન્સ્ટીટ્યુટની સુવિધા, કેન્ડીડેટ સિલેકશન પધ્ધતિ જેવી વિગતવાર માહિતી વલસાડ જિલ્લા રોજગાર અધિકારીશ્રી તથા બેંકિંગ એકડેમી વાપી શાખાના પ્રતિનિધિશ્રી દિનેશભાઈ પાટીલ દ્વારા આપવામાં આવી હતી. જાહેરક્ષેત્રમાં વિવિધ ખાલી પોષ્ટ અંગેની માહિતી કોલેજ નોટીસ બોર્ડ પર પણ ડીસપ્લે કરવામાં આવી હતી. કોલેજના આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયક સાહેબે સ્વયં હાજર રહી સરકારી એજન્સી દ્વારા વિદ્યાર્થીઓને રોજગારી પ્રાપ્ત કરવા માટે પૂરી પાડવામાં આવતી વિવિધ સવલતો અને તકોનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

શનિવાર તા. ૨૯/૭/૨૦૧૭ ના રોજ JCI Valsadનાં સહયોગથી આપણી કોલેજમાં "ઈફેકટીવ પબ્લીક સ્પીકીંગ" નો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં એફ.વાય.બી.કોમ.ના ૩૦ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક ભાગ લીધો હતો. આ સેમિનારમાં સુરતના ટ્રેનર શ્રી ઓમપ્રકાશ મિસ્ત્રી કે જેઓએ ૫૦૦૦ કે તેથી વધારે વિદ્યાર્થી અને વ્યવસાયિકોને તાલીમ આપી છે તેવા ટ્રેનર દ્વારા આ તાલીમ સંપન્ન થઈ હતી. તેમણે સૈધ્ધાતિક અને વ્યવહારુ અભિગમ દ્વારા તાલીમ આપીને વિદ્યાર્થીઓને લાભાન્વિત કર્યા છે. આ કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ એનાયત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન JCI Valsadનાં પ્રમુખ જે.સી. દિપ્તીબેન પટેલ અને તેમની ટીમની પ્રોત્સાહક હાજરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા.એમ.એ.મુલ્લા તથા દોરવણી પ્રિ.ડૉ.જે.એમ.નાયકની હતી. આ



KCGગાંધીનગર દ્વારા પ્રેરિત વકતુત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા કે જે તા. ૨૯/૭/૨૦૧૭ નાં રોજ આપણી કોલેજમાં યોજવામાં આવી હતી. તેનાં પરિણામો નીચે મુજબ છે.

સ્પર્ધાના વિષય હતા : (૧) વૈષ્ણવ જન તો તેને રે કરીએ અને
(૨) મનુષ્ય તુ બડા મહાન હૈ

વકતુત્વ સ્પર્ધા : (૧) કુ. નેહા દૂબે, પ્રથમક્રમ (એસ.વાય.બી.કોમ.)
(૨) કુ. ફોરમ રોણવેલીઆ,દ્વિતીયક્રમ (ટી.વાય.બી.કોમ.)
(૩) કુ.પ્રતીક્ષા સિંધ,તૃતીયક્રમ (ટી.વાય.બી.કોમ.)

આ સ્પર્ધામાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તમામ સ્પર્ધકોએ ખૂબ જ સરસ રીતે સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડયું હતું. નિર્ણાયકો તરીકે શ્રી હેમરાજ ચૌહાણ અને શ્રી સુધીર કાપડીયાએ સેવા પૂરી પાડી હતી.

નિબંધ સ્પર્ધા : કુલ સ્પર્ધકો — ૨૦
પ્રથમ ક્રમ (૧) કુ. નિરમા માલી (એફ.વાય.બી.કોમ. )
(૨) કુ. કિર્તી ચૌહાણ (એફ.વાય.બી.કોમ.)
(૩) કુ. દિવ્યા ઢીમ્મર (એફ.વાય.બી.કોમ.)

નિર્ણાયક તરીકે આર્ટસ કોલેજના અધ્યાપિકા એસ.ડી.ગરાસિયાએ સેવા આપી હતી.

'મા નર્મદા મહોત્સવ' ઉજવણીના ભાગ રૂપે કોલેજની વિદ્યાર્થીની કુ. સ્વીટી નરેશભાઈ પરમાર ટી.વાય.બી.કોમ.'સી' ૩૪૩ એ માં નર્મદા મહોત્સવ વિશે નિબંધ તૈયાર કરી મોકલ્યો હતો.

## કોમર્સ કોલેજ વલસાડમાં સોફટ સ્કીલ વિકાસ ઉપર યોજાયેલ વ્યાખ્યાનો

અત્રેની શાહ એન.એચ.કોમર્સકોલેજ વલસાડમાં આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળ તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ જેસીઆઈ,વલસાડના સૌજન્યથી અલગ અલગ વિષયોના તજજ્ઞ એવા કુલ દસ ટ્રેઈનરો દ્વારા કોલેજના બધા જ વર્ગોમાં કારકિર્દી ઘડતર અને ત્વરિત નિર્ણયશકિત ઘડતર જેવા વિષયો ઉપર વર્ગદીઠ વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. સમગ્ર ગુજરાતભરના અલગ અલગ વિસ્તારમાંથી પધારેલ શ્રી આશિષભાઈ શાહ, રૂપાબેન શાહ, સ્વાતીબેન જોષી, અર્જુનસિંધ સરદાર, શ્રી રીકલ અરોરા, મેઘનાબેન જાદવ,શ્રી ગૌરાંગભાઈ પટેલ, દિપ્તીબેન પટેલ, સીમરનજીત કોર, શ્રી સાજુ એન્જિન્યીર,શ્રી મયંકભાઈ બુચ,કૃતિબેન મહેતા તથા શ્રી પ્રિતેષભાઈ પટેલે આઈસીટીટુલ્સનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ અને રસપ્રદ શૈલીમાં જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની વ્યવસ્થા પ્રા.ડૉ.દક્ષા ઠાકોરે સંભાળી હતી.



## વલસાડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ કારકિર્દી માર્ગદર્શન સેમીનારમાં ભાગ લીધો

અત્રેની શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના એફ.વાય.બી.કોમ.થી એમ.કોમ.સુધીના જુદા જુદા વર્ગોમાં અભ્યાસ કરતા અને જીપીએસસી, ડેપ્યુટીકલેકટર, મામલતદાર વગેરે તથા યુપીએસસી, આઈએએસ, કલેકટર જેવી ઉચ્ચ કક્ષાની સરકારી નોકરીની વિવિધ પરીક્ષાઓની તૈયારી કરી રહેલા કુલ સાઠ જેટલા વિદ્યાર્થી ભાઈ—બહેનોએ કોલેજના અધ્યાપકશ્રી એમ.જી.પટેલ સાથે તા.૨૭/૮/૨૦૧૭ રવિવારના રોજ જીલ્લા પંચાયત નવસારી દ્વારા આયોજીત કારકિર્દી માર્ગદર્શન સેમીનારમાં ભાગ લીધો હતો. આ સેમીનારમાં જીપીએસસીના ચેરમેનશ્રી દિનેશભાઈ દાસા સાહેબે ઉપસ્થિત વિદ્યાર્થીઓ સાથે સતત દોઢ કલાક સુધી વિશિષ્ટ સઉદાહરણ શૈલીમાં પ્રશ્નોત્તરી કરી જીપીએસસીની ફરજો, જવાબદારી, કામગીરી તથા પરીક્ષાર્થીઓ પાસેની અપેક્ષાઓ વગેરે વિગતવાર માહિતી આપી હતી. જીપીએસસી, યુપીએસસી, આઈએએસ, કલેકટર, ડેપ્યુટી કલેકટર, પરીક્ષા ૨૦૧૭માં સફળ થયેલા કુલ દશ જેટલા ટોપર્સ ઉમેદવારોએ હાજર રહી વિદ્યાર્થીઓને પરીક્ષા સિલેબસ, તૈયારીની પદ્ધતિઓ, જરૂરી મટીરીયલ તથા તેમની પોતાની સફળતાનાં રહસ્યો જેવા વિવિધ મુદ્દાઓને આવરી લઈ માર્ગદર્શન પુરૂં પાડયું. કોલેજના આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયક સાહેબે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જરૂરી માર્ગદર્શન સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



## પ્લાનીંગ ફોરમના ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધા

શાહ એન. એચ. કોમર્સ કોલેજના પ્લાનીંગ ફોરમના ઉપક્રમે આચાર્યશ્રી

ડૉ.જે.એમ.નાયક સાહેબના માર્ગદર્શન હેઠળ 'વિમુદ્રીકરણ આશીર્વાદ કે અભિશાપ ?' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆતમાં પ્રાસંગિક ઉદ્દબોધન કરતા આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતાં જણાવ્યું હતું કે કોલેજ કક્ષાએ આવી સ્પર્ધાઓમાં ભાગ લેવાથી જ તમારામાં રહેલી સુષુપ્ત શકિતઓની ખીલવણી થશે, તેમ જ સર્વાંગી વિકાસ માટે તમારે વધુમાં વધુ ઈતર પ્રવૃત્તિઓ, સહઅભ્યાસકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહેવું જોઈએ. સદરહુ સ્પર્ધામાં કુલ બાર સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી ચાર સ્પર્ધકોએ નોટબંધીની તરફેણમાં અને આઠ સ્પર્ધકોએ નોટબંધીની વિરુધ્ધમાં વકતવ્ય આપ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓ દોલત–ઉષા ઈન્સ્ટીટયુટના ડૉ. હીનાબેન વૈદ્ય અને ડૉ. હિરલબેન દેસાઈએ વિદ્યાર્થીઓની રજૂઆતને બિરદાવતા જણાવ્યું હતું કે હજુ પણ વધુ પ્રયાસ કરવાથી તમારી વકતૃત્વ શકિત વધુ વિકસશે. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. પ્રતિક્ષા સિંઘ, દ્વિતિય ક્રમે કુ. ફોરમ રોણવેલિયા અને કુ. રાજવી દઢાણિયા અને તૃતિય ક્રમે શ્રી અખિલ ભટ્ટ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાને અંતે પ્લાનીંગ ફોરમના સેક્રેટરી શ્રી મોહસિન ચાઉસે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.કે.એચ.પુરોહિતે કર્યું હતું.

## કોમર્સ કોલેજ વલસાડમાં યોજાયેલ ફોટોગ્રાફી વર્કશોપ

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૪/૧૦/૨૦૧૭ના રોજ આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકના પ્રોત્સાહન અને પ્રેરણા થકી કોલેજના વિદ્યાર્થીઓ માટે ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ આવા વર્કશોપ થકી કંઈક નવું શીખે અને ભવિષ્યમાં સ્વરોજગારી મેળવે એ બાબત ઉપર ભાર મુકયો હતો. વિષય તજજ્ઞ ઉપસ્થિત શ્રી યાસીન બકીલીએ સેમીનારના લાભાર્થીઓને પ્રોફેશનલ કેમેરાના ફીચર્સ અને મેનુ વિષે વિગતવાર માહિતી આપી ફોટો લાઈટ સેટિંગ, જુદા જુદા એંગલથી ફોટોગ્રાફી તથા ફોટોગ્રાફી નેટ ઉપર અપલોડ કરી કમાણી કઈ રીતે કરી શકાય વગેરે બાબતો રસપ્રદ રીતે સમજાવી હતી. ભાવેશ, નિષ્યાંક અને કરૂણા જેવા વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી આ સેમિનારને વધુ માહિતીસભર અને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ.દક્ષા ઠાકોરે અને જરૂરી વ્યવસ્થા પ્રા.શ્રી મુકેશભાઈ પટેલે સંભાળી હતી.



## કોમર્સ કોલેજ વલસાડના વિદ્યાર્થીઓએ ધ યુનિક ટૉક શોમાં ભાગ લીધો

ધ રોટરી ચેરીટેબલ ટ્રસ્ટ, વલસાડ અને રોટરી કલબ ઓફ બલસાર દ્વારા યુનિક ટૉક શો(The Unique Talk show)નું આયોજન શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના સહયોગથી સંસ્કાર કેન્દ્ર,કોલેજ કેમ્પસ, વલસાડ ખાતે તા.૧૫ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. જેનો વિષયScience Of Sex Understanding Problems And Solutions હતો. આ વિષયને ન્યાય આપવાનું કાર્ય ડૉ.રાજ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેઓ નાણાવટી હોસ્પિટલ, મુંબઈ મુકામે કાર્યરત છે ઉપરાંત Sexual Heath & Medicine વિષયના નિષ્ણાત છે. જેમણે આ વિષયને અનુરૂપ મહત્વના મુદ્દાઓ જેવા કે, મૂંઝવણો, સમસ્યાઓ અને ઉપાયોની સવિસ્તૃત ચર્ચા કરી હતી. તેમને જાતીય શિક્ષણના સંદર્ભમાં પ્રાચીન સમયથી જીવનમાં ચાર મહત્વના પુરૂષાર્થ જેવા કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં કામના મહત્વની વાત કરીને સેકસની સમજ, અણસમજ અને ગેરસમજોની રજૂઆત કરી હતી. કામસૂત્રના ગ્રંથ, વાત્સાયન મુનિના વિચારો, અર્ધનારેશ્વરનું મહત્વ, ખજૂરાહો મંદિરના શિલ્પ સ્થાપત્યમાં પણ કામના શિલ્પોના દર્શન અંગેની રજૂઆત કરી હતી. જાતીય શિક્ષણ અંગે અત્યાર સુધી વિવિધ સંશોધનો જેમણે કરેલ છે તેવા ફ્રોઈડ, કિન્સી, માર્સ્ટર્સ એન્ડ જહોન્સનની વિગતવાર ચર્ચા કરી હતી. જાતીયતા એ શારીરિક પ્રવૃત્તિ છે અને વ્યકિતત્વનું મહત્વનું પાસું પણ છે. આજના યુગમાં જાતીયતા અંગે યુવાનોના માનસ ઉપર ફિલ્મ, ટીવી, જાહેરાતો,બ્લુ ફિલ્મો, ઈન્ટરનેટ તમામની વિશિષ્ટ અસરો જોવા મળે છે. ઉપરાંત આજે જાતીયતાની સમસ્યાઓ માટે મુખ્યત્વે નશો, ધુમ્રપાન અને જાડાપણું તેમજ આજની જીવનશૈલી પણ તેટલી જ જવાબદાર છે. હવે તો જાતીયતાની ઓળખ પણ આવશ્યક છે કે તે ગે, લેસ્બીયન કે બાયસેકસુઅલ છે તે જાણવું જોઈએ. જાતીયતાની વધુ પડતી

અણસમજને કારણે છેડતી કે બળાત્કાર જેવી ઘટનાઓ સમાજમાં એક દૂષણ સ્વરૂપે પ્રવેશેલી છે. આજના યુગમાં એ મુખ્ય સમસ્યા એ છે કે જાતીય શિક્ષણ કોણ આપશે? શિક્ષકો કે વાલીઓ? પરંતુ એઓ આ સમજણ આપવામાં નિષ્ફળ નીવડયા છે તેથી મિત્રો પાસેથી માહિતી મેળવવામાં પ્રયત્ન કરે છે કે જે ગેરસમજો વધુ વધારે છે. સમાજમાં પુરુષોમાં એવી ગેરમાન્યતા સવિશેષ એ છે કે હસ્તમૈથુન વધુ કરવાથી વીર્યસ્ખલન વધુ પ્રમાણમાં થાય છે જેનાથી શારીરિક નુકશાન વધુ પ્રમાણમાં થાય છે. આ ઉપરાંત યુવાનોમાં લિંગના કદ, સ્તનના કદ વિશે પણ મતમતાંતરો જોવા મળે છે. અને જુદી જુદી અપેક્ષાઓ પોર્નોગ્રાફીને કારણે વધતી જોવા મળે છે.યુવાપેઢી બજારમાં વેચાતા ઈન્જેકશન,વાયેગ્રાનો ઉપયોગ કરે છે. જાતીય શિક્ષણમાં ઉપાયો તરીકે વકતાએ સમતોલ આહાર, પૂરતા યોગા, કસરતો, લગ્ન પહેલાનું માર્ગદર્શન આવશ્યક ગણાવ્યું હતું.આ ટૉક શો અંગે કોલેજના વિદ્યાર્થીઓની સાથે પ્રા.એમ.એ.મુલ્લા અને ડૉ.મિનાક્ષી જરીવાલા સહભાગિતા નોંધાવી હતી. આ કાર્યક્રમમાં જોડાવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયક દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.



## વલસાડ કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષા સેમીનાર

અત્રેની શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે ચાલતા ઉદીશા સેન્ટર અને ડૉ. સૌરભભાઈ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આઈ.એ.એસ.સેન્ટર નવસારીના સંયુકત ઉપક્રમે કોલેજ ખાતે તા.૨૮/૧૨/૧૭ના રોજ બપોરે ૧૨:૩૦ થી ૨:૩૦ સમય દરમ્યાન સ્પર્ધાત્મક પરીક્ષાસેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં રીસોર્સ પર્સન તરીકે આઈ.એ.એસ.સેન્ટરના કો–ઓર્ડીનેટર રીનાબેન દેસાઈએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને બી.કોમ. પછી ઉપલબ્ધ વિવિધ કેરીયર ઓપ્શનની માહિતી આપી હતી. જે પૈકી ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી હસ્તકની યુપીએસસીઅને જીપીએસસીસંસ્થાઓ દ્વારા યોજવામાં આવતી ભરતી પરીક્ષાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ બન્ને પરીક્ષાઓ દ્વારા વિદ્યાર્થીઓને કલેકટર, ડી.એસ.પી., ઈન્કમટેક્ષ કમિશ્નર, પોસ્ટલ સુપ્રિન્ટેન્ડન્ટ વગેરે મળતી ચોવીસ પ્રકારની જુદી જુદી પોષ્ટ માટેની સરકારી નોકરી તથા ડેપ્યુટી કલેકટર, ડી.વાય.એસ.પી., મામલતદાર, ટીડીઓ, ડેપ્યુટી મામલતદાર, ડેપ્યુટી સેકશન ઓફિસર વગેરે પ્રકારની મળતી સરકારી નોકરીની માહિતી આપવામાં આવી હતી. આ બધી જ પોષ્ટ માટે લેવાતી કોમન ટેસ્ટ તથા પરીક્ષાનું માળખું, પ્રિલિમનરી પરીક્ષા, મેઈન પરીક્ષા, ઈન્ટરવ્યુની માહિતી આપવામાં આવી હતી. દરેક તબક્કાની પરીક્ષા માટે જરૂરી મટીરીયલ, પુસ્તકો, મેગેઝીન,ડેઈલી ન્યુઝપેપર, વેબસાઈટ કોચીંગ સેન્ટર, તાલીમ સેન્ટર, માર્ગદર્શન કેન્દ્રોની સુવિધા વગેરે માહિતી પણ આપવામાં આવી હતી. અહિં આવી પરીક્ષામાં વિવિધ કેટેગરીના વિદ્યાર્થીઓને મળતા એટેમ્પની સંખ્યા, રીઝર્વેશનની પોષ્ટ, ભરતી પરીક્ષાના દરેક તબકકે વિદ્યાર્થીએ એટેન્ડ કરવાના પેપરની સંખ્યા,દરેક પેપરના કુલ ગુણ, દરેક પેપરમાં સમાવિષ્ટ સિલેબસના મુદ્દાઓ, ભૂતકાળની આવી પરીક્ષાઓનાં પેપર્સ, લાયબ્રેરી, એકોમોડેશનની સુવિધા તથા આવી પરીક્ષાની તૈયારી કરનાર વિદ્યાર્થીઓને અન્ય ભરતી પરીક્ષાઓ જેવી કે પંચાયત સેવા, સચિવાલય, બિન સચિવાલય, ગૌણ સેવા પસંદગી મંડળ, તલાટી કમમંત્રી, રેવન્યુ તલાટી, રેલ્વે ભરતી પરીક્ષા, બેંક ઈન્સ્યુરન્સ ભરતી પરીક્ષા વગેરેમાં થતા લાભોની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ટી.વાય.બી.કોમ.ના કુલ એકસો અગિયાર વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તથા આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયક સાહેબે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. અને પ્રો.એમ.જી.પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## વલસાડ શાહ એન.એચ.કોમર્સ કોલેજ ખાતે યોજાયેલાક્રિએટીવીટી એકટીવીટીઝ ઉદીશા સેમીનાર

શાહ એન.એચ.કોમર્સ કોલેજ વલસાડ ખાતે ટી.વાય.બીકોમ સેમ–૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનો માટે તા.૫/૧/૨૦૧૮ ના રોજ ક્રિએટીવીટી એકટીવીટીઝ એન્ડ ડેવલપમેન્ટ વિષય પર એક ઉદીશા સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં વિષય નિષ્ણાંત તરીકે વલસાડની કરિયર મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટના ફેકલ્ટી મેમ્બર શ્રી દિપેશ શાહે સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાના વિકાસ માટે જરૂરી એવા કોન્સેપ્ટ ઓપન માઈન્ડેડ થીંકીંગ પ્રોસેસ, નવા–સીમ્પલ–લોજીકલ–સરપ્રાઈઝ થીંકીંગ, વિચાર ક્ષમતાની બહાર સોલ્યુસન, અશક્ય વસ્તુને શક્ય બનાવવી, વર્ડ ચેઝીંગ એકટીવી, દરેકને સરખી ઘટના કાયમ માટે ગમતી નથી,તેવો ન્યુકોન્સેપ્ટ ઈફેકટીવ પ્રકટીસ,થીમ સંચાલન,ડોટ જોઈનીગ,સ્કવેર ડિવીઝન,ડાયમન્ડ એરેજમેન્ટ,રેઈની સીઝન ટેકલીગ, વ્હીકલ સ્પીડ મેકીગ વગેરે વિષયોને આવરી લઈ વિગતવાર છણાવટ સાથે, સઉદાહરણ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે તથા પ્રેકટીકલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૬૧ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને કોલેજના આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયક સાહેબે પ્રોત્સાહિત કર્યા હતા. તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.એમ.જી.પટેલે કર્યુ હતું.

- ટીમ વર્ક એકસરસાઈઝ સેમીનાર તા. ૧૯/૧/૧૮ ના રોજ યોજાયો. આ સેમીનારમાં કુલ ૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં રીસોર્સ પર્સન તરીકે શ્રી દિપેશ શાહે સેવા આપી હતી. અહીં વિદ્યાર્થીઓને જુથમાં કામ કરતી વખતે યુનીટી કોઓપરેટીંગ નેચર જેવી પ્રેકટીકલ અને થીયરી શિખવાડવામાં આવી હતી.
- લીડરશીપ ડેવલપમેન્ટ સેમીનાર તા. ૨૪/૧/૧૮ ના રોજ યોજાયો. આ સેમીનારમાં કુલ ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને રીસોર્સ પર્સન તરીકે શ્રી દિપેશ શાહે સેવા આપી હતી. જેમાં વિદ્યાર્થીઓનો નેતૃત્વના ગુણો જેવા કે સમાજસેવા, ઉત્પાદકતા કેળવવી દેશદાઝ વગેરે અંગે માહિતી આપવામાં આવી હતી.
- તા.૩૦/૧/૧૮ ના રોજ રીઝ્યુમે રમઈટીંગ અને જોબ સર્ચ સેમિનાર યોજવામાં આવેલ. આ સેમિનારમાં કુલ ૫૨ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો. અને રીસોર્સ પર્સન તરીકે શ્રી દિપેશભાઈ શાહે સેવા આપી હતી. જેમાં વિદ્યાર્થીઓને નોકરી–જોબ મેળવવા જરૂરી કાર્યવાહી, અરજીપત્રકનું લખાણ, બાયોડેટા, રીઝ્યુમે રાઈટીંગ, જોબ પસંદગીના ધોરણે કાયમી જોબ વગેરે પાંસાઓને આવરી લઈ તાલીમ આપવામાં આવી હતી.

ઉપરોક્ત તમામ લેક્ચર્સ અને તાલીમ કાર્યક્રમો ઉદીશા લેક્ચર સીરીઝ હેઠળ

યોજવામાં આવ્યા હતા.

➢ પોઝીટીવ એટીટ્યુડ ડેવલપમેન્ટ સેમીનાર તા. ૨૯/૧૨/૧૭ ના રોજ યોજાયો આ સેમીનારમાં કુલ ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં રીસોર્સ પર્સન તરીકે શ્રી દિપેશ શાહે સેવા આપી હતી. જેમાં વિદ્યાર્થીઓને હકારાત્મક વલણનું ઘડતર કરતાં પરિબળોની માહિતી આપવામાં આવી હતી.

**વુમન ડેવલપમેન્ટ સેલ અહેવાલ**કન્વીનર : ડૉ.દક્ષા ઠાકોર

- ➢ તા.૦૭/૧૨/૧૭ થી તા.૧૨/૧૨/૧૭ ના રોજ ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે બ્યુટી કેર વર્કશોપ યોજવામાં આવ્યો. (પ્રથમ બેચ)
- ➢ તા.૧૧/૧૨/૧૭ થી તા.૧૨/૧૨/૧૭ ના રોજ ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે ચોકલેટ મેકિંગ વર્કશોપ યોજવામાં આવ્યો. (પ્રથમ બેચ)
- ➢ તા.૧૩/૧૨/૧૭ થી તા.૧૯/૧૨/૧૭ ના રોજ ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે બ્યુટી કેર વર્કશોપ યોજવામાં આવ્યો. (બીજો બેચ)
- ➢ તા.૧૮/૧૨/૧૭ થી તા.૧૯/૧૨/૧૭ ના રોજ ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે ચોકલેટ મેકિંગ વર્કશોપ યોજવામાં આવ્યો. (બીજો બેચ)
- ➢ તા.૨૧/૧૨/૧૭ થી તા.૩૦/૧૨/૧૭ ના રોજ વિદ્યાર્થીનીઓ માટે માટલી મેકિંગ વર્કશોપ યોજવામાં આવ્યો.
- ➢ તા.૨૫/૧૨/૧૭ થી તા.૨૭/૧૨/૧૭ ના રોજ ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે સલાડ મેકિંગ વર્કશોપ, બ્રાઈડલ મેક અપ અને હેરસ્ટાઈલ તથા રેમ્પ વોક ટ્રેનિંગનું આયોજન.
- ➢ તા.૨૫/૧૨/૧૭ થી તા.૧/૧/૧૮ ના રોજ ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે બ્યુટી કેર વર્કશોપ યોજવામાં આવ્યો. (ત્રીજો બેચ)
- ➢ તા.૨૬/૧૨/૧૭ થી તા.૩૦/૧૨/૧૭ સુધી વારલી પેઈન્ટીંગના કલાસીસનું આયોજન કરવામાં આવ્યું.
- ➢ તા.૩૦/૧૨/૧૭ થી તા.૩૧/૧૨/૧૭ ના રોજ ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે ચોકલેટ મેકિંગ વર્કશોપ યોજવામાં આવ્યો. (ત્રીજો બેચ)
- ➢ તા.૧/૧/૧૮ થી તા.૧૦/૧/૧૮ ના રોજ વિદ્યાર્થીનીઓ માટે ડીશ ડેકોરેશન વર્કશોપ યોજવામાં આવ્યો.
- ➢ તા. ૦૬/૦૧/૧૮ના રોજ ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત ખાતે કુલ પાંચ સ્પર્ધાઓમાં દસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં સલાડ મેકિંગ સ્પર્ધામાં કુ. નિરમા માલી અને કુ. તારા માલી તૃતિય ક્રમે વિજેતા અને બ્રાઈડલ મેક અપ અને હેરસ્ટાઈલ સ્પર્ધામાં કુ. નિરાલી પટેલ અને કુ. કૃતિ શાહ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા.



- ➢ તા. ૦૬/૦૧/૧૮ના રોજ રજ્જુ શ્રોફ કોલેજ, વાપી ખાતે યોજાયેલ વિવિધ આઠ સ્પર્ધાઓમાં સત્તાવીસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમા રંગોળી સ્પર્ધામાં કુ.ભાવિશા લાડ, કુ.હેલીના રાઠોડ અને શ્રી યશસાગર ભગતની ટીમ તૃતિય ક્રમે વિજેતા જાહેર થઈ હતી.
- ➢તા.૧૦/૧/૧૮ થી તા. ૨૧/૧/૧૮ ના રોજ ચાકડા મેકિંગ વર્કશોપ યોજવામાં આવ્યો.
- ➢ તા.૨૨/૦૧/૧૮ થી તા.૩૧/૦૧/૧૮ ના રોજ વિદ્યાર્થીનીઓ માટે પોસ્ટર મેકિંગ વર્કશોપ

યોજવામાં આવ્યો.

- ૨૩/૧/૧૮ ના રોજ નારણલાલા કોલેજ, નવસારી ખાતે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો જેમાં રંગોળી સ્પર્ધામાં કુ. વૃિતિ ચાંપાનેરી દ્વિતિયક્રમે અને પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં કુ. સિમરન યાદવ દ્વિતિયક્રમે વિજેતા જાહેર થયા હતા.
- ૨૪/૧/૧૮ ના રોજ બી.કે.એમ.સાયન્સ કોલેજ, વલસાડ ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો જેમાં મ્હેદી સ્પર્ધામાં કુ.શિવાની પ્રજાપતિ એફ.વાય.બી.કોમ. તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા અને રંગોળી સ્પર્ધામાં કુ.વૃિતિ ચાંપાનેરી ટી.વાય.બી.કોમ. અને કુ. અંજલિ શાહની ટીમ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા.
- તા. ૨૮/૦૧/૧૮ ના રોજ બીલખિયા કોલેજ,વાપી ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં કુ. સિમરન યાદવ,એસ.વાય.બી.કોમ પ્રથમક્રમે, કુ. મહિમા ચૌહાણ –એફ.વાય.બી.કોમ દ્વિતિયક્રમે, કુ. પવન તિવારી –એફ.વાય.બી.કોમ તૃતિયક્રમે વિજેતા જાહેર થયા હતા.

## વલસાડની કોમર્સ કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૨ની ઉજવણી

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, તીથલરોડ, વલસાડના ઉપક્રમે તા. ૨૧/૬/૨૦૨૨ના દિને સંસ્કારકેન્દ્ર કોલેજ કેમ્પસ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણા સાહેબે તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં યોગનું મહત્ત્વ સમજાવી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના તમામ ટીચીંગ અને નોન-ટીચીંગ સ્ટાફ સભ્યો, એન.એસ.એસ વોલ્યુન્ટીઅર્સ, એન.સી.સી કેડેટ્સ, વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય યોગા બોર્ડના, વલસાડ જિલ્લા કોઓર્ડિનેટર તરફથી નિમાયેલા યોગાચાર્ય પ્રતિનિધિશ્રીઓ ભાઈઓ તથા બહેનોની ટીમે ઉપસ્થિત રહી સમગ્ર સભ્યોને જુદા જુદા પ્રકારના યોગ જેવા કે પદમાસન, વજ્રાસન, કપાલભાતિ, પ્રક્ષાલન, કટિચક્રાસન, કાગાસન, શલભાસન, ભૂજગાસન, નૌકાસન, સર્વાંગાસન, મત્સ્યાસન, ઉષ્ટાસન, ધનુરાસન, ગૌમુખાસન, તાડાસન, વગેરે યોગાસનો કરાવવાની સાથે સાથે દરેક યોગાસનથી થતા વિવિધ ફાયદાઓ અને તંદુરસ્તી પરની પોઝીટીવ અસરો સમજાવી હતી અને રાષ્ટ્રગાન કરીને યોગાસનનો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## 15 થી 18 વર્ષના વિદ્યાર્થીઓના COVID-19 ના વેકસિન ડોઝનું સફળતાપૂર્વક આયોજન

શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડ ખાતે જિલ્લા શિક્ષણધિકારીની કચેરી અને આરોગ્ય ખાતાના માર્ગદર્શન હેઠળ આપણી કોલેજના ભણતા તમામ પ્રથમ વર્ષના વધાર્થીઓને COVID-19 ના વેકસિનના પ્રથમ અને દ્વિતીય ડોઝની આપણી કોલેજના એકટીવટી હોલમાં તા. 6-1-2022 અને 7-1-2022 પ્રથમ ડોઝનું સફળતાપૂર્વક 250 જેટલા વિદ્યાર્થીઓએ

રસીકરણ કરાવ્યું હતુ. તા. 8-3-2022 ના રોજ બીજા ડોઝનું પણ સફળતાપૂર્વક 140 જેટલા વિદ્યાર્થીઓ રસીકરણ કરાવ્યું. આરોગ્ય વિભાગનાં કર્મચારી શ્રી જયદિપભાઈ એન પટેલ તથા તેમના સાથી ખૂબ જ ઉમદા કામગીરી સાથે સેવાઓ આપી હતી. આ રસીકરણની કામગીરીનું સંચાલન આચાર્યશ્રી ના માર્ગદર્શન હેઠળ ડૉ. ઠાકોરભાઈ બી પટેલ NSS પ્રોગામ ઓફિસર પ્રો ચિરાગ રાણા સાહેબે આ રસીકરણના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે બેકિંગનો વર્કશોપ યોજાયો

વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજ ખાતે તા. ૦૪/૦૪/૨૦૨૨ના રોજ ગ્રીન ક્લબનું ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત અને અમારી શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના સંયુકત ઉપક્રમે બેકિંગનો વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપ નેશનલ એજ્યુકેશન પોલીસી ૮દભ.ઢ×ડ×ડ૯ ના સંદર્ભમાં બેકિંગના અભ્યાસક્રમમાં થયેલ ધરખમ ફેરફારો અંગે ઊંડાણપૂર્વક સમજૂતી આપવા આ બેકિંગના બોર્ડમાં જોડાયેલ સુરત પીપલ્સ બેંકના મેનેજિંગ ડિરેકટર શ્રી જતીનભાઈ નાયક, શ્રી સુનિલભાઈ અને અન્ય ઓનલાઈન બેકિંગના મહારથીઓ દ્વારા ત્રણ ટેકનિકલ સેશનમાં આ અંતર્ગત સંપૂર્ણ માર્ગદર્શન અપાયેલ હતું. આ સમગ્ર વર્કશોપના ઉદ્‌ઘાટન સમારોહમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત ના વાઈસ ચાન્સેલર ડૉ. કિશોરસિંહ ચાવડા, કોમર્સ ફેકલ્ટીના ડીન ડૉ. અશોકભાઈ દેસાઈ, કોમર્સ અને બી.એ.ના બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન ડૉ. ગણપતભાઈ પરમાર, નૂતન કેળવણી મંડળના ચેરમેન કુ. સ્વાતીબેન લાલભાઈ, સેક્રેટરી શ્રી કિર્તીભાઈ દેસાઈ અને જોઈન્ટ સેક્રેટરી શ્રી અનીષભાઈ શાહ હાજર રહીને આ વર્કશોપ માટેના પોતાના વિચારો અને શુભેચ્છાઓ પૂરી પાડી હતી. આ વર્કશોપમાં ૬૨ જેટલા અન્ય કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થી મિત્રો રજિસ્ટડ થયા હતા. વર્કશોપના અંતે સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. સમગ્રના વર્કશોપની પ્રેરણા કોલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાએ પૂરી પાડી હતી.

## શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે વિશ્વ પુસ્તક દિવસન ઉજવણી

વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજ ખાતે તા. ૨૩/૦૪/૨૦૨૨ના વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં લાયબ્રેરી ખાતે વિવિધ જ્ઞાન સભર પુસ્તકોનું પ્રદર્શન યોજાયું. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ડૉ. આશાબેન ગોહિલ કે જેઓ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોઢાં ખાતે ગુજરાતી વિભાગના અધ્યાપક તરીકે કાર્યરત છે તેઓએ ટ્રીન ટ્રીન પેડલ પર પૃથ્વીની પરિક્રમાના પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. જેમાં ૬ પારસી યુવાનોએ વિશ્વની પ્રદક્ષિણા કરેલ તેની કહાની વિસ્તારથી સમજાવી હતી. આ કાર્યક્રમમાં બીજા વકતા તરીકે પ્રો. જાગૃતિ પટેલ કે જેઓ શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડના અંગ્રેજી વિભાગના અધ્યાપક તરીકે કાર્યરત છે તેમણે IKIGAI પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. જેમાં માનવીમાં ઉમદા ગુણો વિકસાવવા માટે માર્ગદર્શન આપેલ હતું. જેમને નિયમિતતા, કુદરતી અને લોકોને જોડેલા રાખવા તથા લાંબુ અને ખુશીમય જીવન જીવવા માટેના રહસ્યોની વિસ્તૃત OGINI ગામડાના લોકોનું વર્ણન કરીને સમજાવેલ હતું. બંને વકતાઓના માર્ગદર્શનનો લાભ કોલેજના વિદ્યાર્થીઓએ મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ.ગિરીશકુમાર રાણા સાહેબે પ્રેરણા અને માર્ગદર્શન તથા પુસ્તકોનું મહત્વ સમજાવ્યું હતું કાર્યક્રમમાં આવકાર પરિચય પ્રો.આર.જી.પવારે તથા આભારવિધિ પ્રો.એમ.જી.પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મિનાક્ષી જરીવાલાએ તથા સમગ્ર વ્યવસ્થા તમામ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરોએ ગોઠવી હતી.